L09005991937

Sender Name: GM (Stores)

Received Date : 29/01/2018

ક્રમાંક:જીઆઈડીસી/સ્ટોર્સ/ભાડા વાહન/ ૯૭

જીઆઈડીસી, વડીકચેરી, સ્ટોર્સ શાખા,

ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

તા. ૨૫/૦૧/૨૦૧૮.

૨૯

વિષય:- ક્ષેત્રિય કચેરીઓમાં ભાડાનાં વાહનો બાબત.

સંદર્ભ:(૧)પરિપત્ર ક્રમાંકનં.જીઆઈડીસી/ઓએન્ડએમ/એસટીઆર/વ્હીકલ/૪૪/ ૨૦૦૧, તા.૨૪/૧૨/૨૦૦૧.

(૨)પરિપત્ર ક્રમાંક: નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/એસટીઆર/વ્હીકલ /૪૪/ ૨૬૩, તા. ૧૮/૦૩/૨૦૦૯

(૩) પરિપત્ર ક્રમાંકનં.જીઆઈડીસી/સ્ટોર/ભાડા વાહન/૧૮૫,તા.૧૯/૦૨/૨૦૧૩

(૪) પરિપત્ર ક્રમાંકનં.જીઆઈડીસી/સ્ટોર/ભાડા વાહન/૨૦૩,તા.૦૧/૦૪/૨૦૧૬

// પરિપત્ર //

નિગમની ક્ષેત્રિય કચેરીઓમાં ભાડાનાં વાહનો રાખવા બાબતે સંદર્ભ ૧ તળેના પરિપત્રથી ક્ષેત્રિય કચેરીઓમાં અલગ અલગ અધિકારીશ્રીઓ જેવાકે પ્રાદેશિક મેનેજરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી, ખાસ ફરજ પરના અધિકારીશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી કક્ષાનાં અધિકારીશ્રીઓ માટે રૂ.૧૨,૫૦૦/- પ્રતિ ૨૫૦૦ કી.મી. પ્રતિ માસ તથા વિભાગીય પ્રબંધકશ્રી અને અધિક્ષક ઈજનેરશ્રી કક્ષાના અધિકારીશ્રીઓ માટે રૂ. ૧૮,૦૦૦/- પ્રતિ ૨૫૦૦ કી.મી./પ્રતિ માસ મુજબ ભાડાનાં વાહનનાં દરો નક્કી કરવામાં આવેલ હતા. ત્યારબાદ સંદર્ભ ૨ તળેના પત્રથી ઉપરોક્ત દરોમાં વધારો કરીને ભાડાના વાહનના દર પ્રાદેશિક મેનેજરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી તથા ખાસ ફરજ પરના અધિકારીશ્રી માટે રૂ. ૧૬,૫૦૦/- પ્રતિ ૨૫૦૦ કી.મી./પ્રતિ માસ નક્કી કરવામાં આવેલ હતાં. તથા વધારાના કી.મી. પેટે રૂ. ૫.૦૦ પ્રતિ કી.મી. નક્કી કરવામાં આવેલ હતા. ત્યારબાદ સંદર્ભ ૩ તળેના પરિપત્રથી પ્રાદેશિક મેનેજરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી તથા ખાસ ફરજ પરના અધિકારીશ્રી માટે ભાડાના વાહનના દર રૂ. ૨૦,૪૦૮/- પ્રતિ ૨૫૦૦ કી.મી./પ્રતિ માસ તેમજ વધારાના કી.મી. માટે રૂ. ૫.૮૫ પ્રતિ કી.મી. નક્કી કરવામાં આવ્યા હતા. જ્યારે વિભાગીય પ્રબંધકશ્રી, અધિક્ષક ઈજનેરશ્રી અને ખાસ ફરજ પરના અધિકારીશ્રી માટે ભાડાના વાહનના દર રૂ. ૨૨,૬૦૮/- પ્રતિ ૨૫૦૦ કી.મી/ પ્રતિ માસ તેમજ વધારાના કી.મી. પેટે રૂ. ૬.૮૫ પ્રતિ કી.મી. નક્કી કરવામાં આવેલ હતા. છેલ્લે સંદર્ભ ૪ તળેના પરિપત્રથી પ્રાદેશિક મેનેજરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી કક્ષાના અધિકારીશ્રીઓ માટે ભાડાના

વાહનના દરો રૂ. ૨૫,૦૦૦/- પ્રતિ ૨૫૦૦ કી.મી. /પ્રતિ માસ તથા વધારાના કી.મી. પેટે રૂ. ૫.૮૫ પ્રતિ કી.મી. નક્કી કરવામાં આવેલ છે.

ક્ષેત્રિય કચેરીઓની ભાડાના વાહનના દરોમાં હાલનાં પેટ્રોલ/ડીઝલ ના ભાવ વધારા, જીએસટી તેમજ ડ્રાયવરોના વધતા જતાં પગારને ધ્યાને લઈ ભાડાના વાહનના દરોમાં વધારો કરવા રજુઆત મળેલ જે ધ્યાને લઈ ભાડાના વાહનના દરોમાં નીચે મુજબ વધારો કરવામાં આવે છે.

(૧) પ્રાદેશિક મેનેજરશ્રી,કાર્યપાલક ઇજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી કક્ષાના અધિકારીશ્રીઓ માટે ભાડાના વાહનની મર્યાદા રૂ.૨૫,૦૦૦/-પ્રતિ માસ / પ્રતિ ૨૫૦૦કિ.મીથી વધારીને રૂ.૩૫.૦૦૦/- પ્રતિ માસ / પ્રતિ ૨૫૦૦ કિ.મી(જીએસટી સહિત) તથા વધારાના કિ.મી પટે રૂ.૫.૮૫ પ્રતિ,કિ.મી થી વધારીને રૂ.૮.૦૦ પ્રતિ કિ.મી. નક્કી કરવામાં આવે છે.

(૨) વિભાગીય પ્રબંધકશ્રી,અધિક્ષક ઇજનેરશ્રી તથા ખાસ ફરજ પરના અધિકારીશ્રીઓ માટે ભાડાના વાહનની મર્યાદા રૂ.૨૨,૬૦૮/- પ્રતિ માસ પ્રતિ ૨૫૦૦ કિ.મી.થી વધારીને રૂ.૪૦,૦૦૦/- પ્રતિ માસ પ્રતિ ૨૫૦૦ કિ.મી. (જીએસટી સહિત) તથા વધારાના કિ.મી પેટે રૂ.૬.૮૫ પ્રતિ કિ.મી.થી વધારીને રૂ.૧૦.૦૦ પ્રતિ કિ.મી.નક્કી કરવામાં આવે છે.

નિગમની તમામ ક્ષેત્રિય કચેરીઓએ આ નવા દરનો અમલ સંદર્ભિત પરિપત્ર (૧) માં આપવામાં આવેલ ગાઇડ લાઇન મુજબ કરવાનો રહેશે.

25-1-2018

માન.ઉપા અને વ.સં.શ્રીની
ફાઈલ ઉપરની મંજુરી મુજબ

જનરલ મેનેજર (સ્ટોર્સ)
જીઆઇડીસી,ગાંધીનગર.

પ્રતિ,

(૧) નિગમનાં ક્ષેત્રિય કચેરીઓનાં તમામ અધિકારીશ્રીઓ તરફ.

(૨) મેનેજરશ્રી (એસ. & એ.)
જીઆઇડીસી, ગાંધીનગર........તરફ ઉક્ત પરિપત્ર નિગમની વેબ સાઇટ ઉપર મુકવા સારૂ.